SCA | SAURASHTRA Cricket Association

10, Jun 2016

Team India will play 13 test matches in India



# ટીમ ઇન્ડિયા ઘરઆંગણે રેકોર્ડ ૧૩ ટેસ્ટ મેચ રમશે

## BCCIએ નવી સીઝનનો ભરચક્ક કાર્યક્રમ જાહેર કર્યો : રાજકોટ સહિત પાંચ સ્થળે પહેલીવાર ટેસ્ટ મેચનું આયોજન: દુલિપ ટ્રોફી ગુલાબી દડાથી ડે-નાઇટમાં રમાશે

મુંબઇ, તા.૯: બીસીસીઆઇએ આજે ટીમ ઇન્ડિયાના વર્ષ ૨૦૧૬-૧૭ના ઇન્ટરનેશનલ અને ઘરેલુ ક્રિકેટના કાર્યક્રમની ઘોષણા કરી છે. જે અંતર્ગત પહેલીવાર રાજકોટ, વિશાખાપટ્ટનમ, પૂણે, ધરમશાલા, રાંચી અને ઇન્દોરમાં ટેસ્ટ મેચ રમાશે. બીસીસીઆઇની ટૂર એન્ડ પ્રોગ્રામ કમિટિની મુંબઇમાં આજે બેઠક મળી હતી. જેમાં ટીમ ઇન્ડિયાનો આગામી ભરચક્ક કાર્યક્રમ જાહેર થયો હતો. આ સિઝનમાં ભારત રેકોર્ડ ૧૩ ટેસ્ટ મેચ, આઠ વન ડે અને ૩ ટી-૨૦ મેચ ઘરઆંગણે રમશે. આ પહેલા ફક્ત એક જ વખત ૧૯૭૯-૮૦ની સિઝનમાં ભારત ૧૩ ટેસ્ટ મેચ રમ્યું હતું.

ભારતીય ક્રિકેટ ટીમના ઘરેલુ સિઝનનો પ્રારંભ ન્યુઝીલેન્ડ વિરૂધ્ધની શ્રેણીથી થશે. જેમાં ત્રણ ટેસ્ટ અને પાંચ વન ડે રમાશે. આ સિરીઝના ટેસ્ટ મેચ ઇન્દોર, કાનપુર અને કોલકતા ખાતે રમાશે. જયારે વન ડે મેચોનું આયોજન ધરમશાલા, દિલ્હી, મોહાલી, રાંચી અને વિશાખાપટ્ટન ખાતે થશે.

ન્યુઝીલેન્ડની ટીમ બાદ ઇંગ્લેન્ડની ટીમ પાંચ ટેસ્ટ મેચ, ત્રણ વન ડે અને ત્રણ ટી-૨૦ મેચ રમવા ભારત આવશે. આ સિરીઝનો એક ટેસ્ટ રાજકોટને પહેલીવાર ફાળવવામાં આવ્યો છે.

અન્ય ટેસ્ટ મેચ મોહાલી, મુંબઇ, વિશાખાપટ્ટનમ અને ચેન્નાઇમાં રમાશે. જયારે ૩ વન ડે મેચ પૂણે, કટક અને કોલકતા ખાતે રમાશે. ઇંગ્લેન્ડ વિરૂધ્ધના ૩ ટી-૨૦ મેચ બેંગ્લુરૂ, નાગપુર અને કાનપુરમાં રમાશે.

ઓસ્ટ્રેલિયાની ટીમ ફેબુઆરી-માર્ચ ૨૦૧૭માં ભારત પ્રવાસે ચાર ટેસ્ટ મેચ રમવા આવશે. જે બેંગલુરૂ, ધરમશાલા, રાંચી અને પૂણેમાં રમાશે. જ્યારે બંગલાદેશની ટીમ એક માત્ર ટેસ્ટ હૈદરાબાદમાં રમશે.



જ્યારે ઘરેલુ ક્રિકેટનો પ્રારંભ સપ્ટેમ્બરમાં દુલિપ ટ્રોફીથી શરૂ થશે. જે પહેલીવાર ગુલાબી દડાથી ડે-નાઇટમાં રમાશે. બીસીસીઆઇ દ્વારા આ સિઝનમાં કુલ ૯૧૮ મેચ રમાશે. જેમાં રણજી ટ્રોફી, મુશ્તાક અલી ટ્રોફી, દેવધર ટ્રોફી, ઇરાની ટ્રોફી મહિલા ક્રિકેટના મેચ અને અન્ય અન્ડર ૧૪થી લઇને ૨૫ વર્ષ વર્ગના મેચ રમાશે.

બીસીસીઆઇના અધ્યક્ષ અનુરાગ ઠાકુરે નવી સિઝનનો કાર્યક્રમ જાહેર કરતા કહ્યું હતું કે બોર્ડ નવા ટેસ્ટ સેન્ટરનું સ્વાગત કરે છે. અમને વિશ્વાસ છે કે નવા ટેસ્ટ સેન્ટરથી ટેસ્ટ ક્રિકેટનું સ્તર દેશના અન્ય ભાગોમાં વિસ્તરશે.

### ઇડન ગાર્ડન પર ગુલાબી દડાથી ડે-નાઇટ ટેસ્ટ રમાશે

કોલકતા, તા.૯: અહીંના વિખ્યાત ઇડન ગાર્ડન પર ભારતનો પહેલો ડે-નાઇટ ટેસ્ટ મેચ રમાશે. જે આ વર્ષે ન્યુઝીલેન્ડ વિરૂદ્ધની શ્રેણીનો હશે. ન્યુઝીલેન્ડની ટીમ ઓગસ્ટમાં ભારત પ્રવાસે ત્રણ ટેસ્ટ અને ત્રણ વન ડે મેચ રમવા આવી રહી છે. જેનો એક મેચ કોલકતામાં રમાવાનો છે. જે ઇડન ગાર્ડન પર ગુલાબી દડાથી દિવસ-રાત્રીનો હશે તેવું બંગાળ ક્રિકેટ એસો.એ જાહેર કર્યું છે.

Courtesy: Phulchhab - Rajkot